**ક્રિ. પર. અ.નં. ૧૦૯૬૧ /૨૦૨૫**

**નરોડા પો.સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૫૦૭૨૫/૨૦૨૫ ના કામે આરોપીઓની જામીન અરજી હેઠળ હુકમ.**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. ફરિયાદની નકલ વંચાણે લીધી. આરોપીઓ તરફે વિ. વકીલશ્રી એમ.આર.સઘવાનીને તેમજ ફરિયાદપક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી કે.પી. પાઠક ને સાંભળ્યા.

(૨) આ કામના આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓ નિર્દોષ અને બે ગુન્હા છે, આક્ષેપીત ગુનો આરોપીઓએ કરેલ નથી તેમજ આરોપીઓ કુટુંબકબીલાવાળા છે અને આરોપીઓ ઉપર ઘરની તમામ જવાબદારી છે અને આરોપીઓ અમદાવાદના સ્થાનીક રહેવાસી છે અને નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે જેથી જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) જયારે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ અરજી સામે વાંધો લીધેલ છે.

(૪) ઉપરોકત બંન્ને પક્ષકારોની દલીલો તેમજ આ કામે જામીન અરજીની વિગત તેમજ આરોપીઓ તરફેની રજુઆત ધ્યાને લેતા આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનો ધી બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૧૨૬(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. હવે આરોપીઓ જામીન આપવા તૈયાર છે અને નાસીભાગી જાય તેવા નથી તેમ જણાવી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. હવે ઉપરોકત રજુઆતો ધ્યાને લેતાં આ કામે આરોપીઓ અમદાવાદના સ્થાનિક રહેવાસી છે જેથી તે નાસીભાગી જાય તેમ નથી તેમજ ટ્રાયલ દરમ્યાન આરોપીઓની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. વળી, આ કામે ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય વીતી જાય તેમ છે જેથી આરોપીઓને વધુ સમય કસ્ટડીમાં રાખવા ન્યાયોચિત જણાતુ નથી. આ સંજોગોમાં, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનો, ગુનાનો પ્રકાર, સંભવીત સજાની જોગવાઈ તેમજ આરોપીઓ તરફેની રજુઆત તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ '' Bail is a rule and jail is an exception" નો સિધ્ધાંત ધ્યાને લેતાં અત્રેની કોર્ટને બી.એન.એસ.એસ. ની કલમ – ૪૮૦ હેઠળ પોતાની વિવેકબુધ્ધીની સત્તાનો

ઉપયોગ કરી આ કામના આરોપીને શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાતુ હોઈ, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : <u>હુકમ</u> :–**

આરોપીઓની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

પ્રત્યેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો આપ્યેથી, નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો</u>** :–

૧. આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહી તેમજ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી આપવી નહીં.

૨. આરોપીઓએ તપાસમાં સાથ સહકાર આપવો.

૩. આરોપીઓએ અન્ય ગુનાહીત પ્રવિૃતમાં સંડોવાવું નહીં.

૪. આરોપીઓએ પોતાના કાયમી રહેઠાનુ સરનામુ મોબાઈલ નંબર સાથે પુરસીસ થી જાહેર કરવુ.

હુકમ અંગેની જરૂરી યાદી સંબંધીત પો. સ્ટે. ને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૩/૧૦/૨૦૨૫**
**અમદાવાદ**

**(કુશાન મનોજકુમાર વ્યાસ)**
**૨૮ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ શહેર**
(GJ01201)